

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કરોડપતિઓની બજારે 'ટિકીટ' વેંચાય છે,*
*લૂંટાય આબરૂ લોકશાહીની, વસ્રો ખેંચાય છે.*
*ઢીંચાય દારૂ, અભણ મતદારો ભૂલે છે ભાન -*
*ને નિષ્ઠાવાન સેવકો તરફ આંખો મિંચાય છે...*

### હાઈકુ

*'ઉમેદવાર'*
*નક્કી લાયકાત -*
*'કરોડપતિ'...*
*(સત્તા ના સેવકો)*

*આવક વધી -*
*બધું કમાયા કેમ ?*
*પૂછો ખરા!!*
*(નિષ્ઠાવાન સેવકો!)*

### ચિંતન

**અસતો માયયા જન્મ તત્વતો નૈવ યુજ્યતે ।**
**વન્ધ્યાપુત્રો ન તત્વેન માયયા વાપિ જાયતે ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**અસત્ વસ્તુઓ જન્મ માયાથી કે તત્વતઃ (કોઈ પણ રીતે) સંભવિત નથી. વંધ્યાનો પુત્ર નથી તાત્વિક રીતે જન્મતો, કે નથી માયા વડે જન્મતો.**

**અસત્વાદીઓના મત પ્રમાણે પણ, જેનું અસ્તિત્વ જ ન હોય તેવી 'અસત્' વસ્તુનો જન્મ માયાથી પણ શક્ય નથી, કે નથી તત્વત્ - સાચેસાચ, પણ સંભવતો. માયા વડે ઉત્પન્ન થતો, કે નથી તે વસ્તુતઃ - સાચેસાચ - જન્મતો. કોઈ સ્ત્રી વંધ્યા (વાંઝણી) છે એમ કહેવાનો અર્થ જ એ થયો કે તેને પુત્ર નથી. તેને પુત્ર હોય તો તે 'વંધ્યા' કેવી રીતે કહેવાય? આમ કહેવાનું તાત્પર્ય એ છે કે ઉત્પત્તિ થઈ શકે અને તે પણ માયયા નહીં કે તત્વતઃ, ટૂંકમાં 'અસત્વાદ' તો સર્વથા અયોગ્ય છે.**

### સુવિચાર

- ચંદરવો બાંધવા સૌ કોઈ આવે, છોડવા કોઈ નહીં આવે - **અખંડ આનંદ**
- નિશ્ચયી માણસ જ પ્રભાવશાળી થઈ શકે છે - **જનક નાયક**
- નિષ્ફળતા તો દુઃખદાયક છે જ, પણ સફલતાનો અહમ્ પણ દુઃખદાયક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો જાતે શિસ્ત પાળતા નથી, તેમના પર બહારથી કોઈક આવીને શિસ્ત ઠોકીને બેસાડે છે - **એલિસ્ટર કૂક**
- કાનૂન સિંહને બકરી બનાવી દે છે - **ભાણદેવ**
- વાહનોની વસ્તી બેફામ વધારી દીધા પછી હવે રસ્તાઓ શોધાઈ રહ્યા છે - **અમૃત કનાડા**
- આજનું ઔષધ : અઘેડાના મૂળનું ચૂર્ણ દૂધ સાથે પીવાથી રતાંધળાપણામાં ફાયદો થાય છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

આપણે જેને દુર્ભાગ્ય ગણીએ છીએ તે સિક્કાની એક બાજુ હોઈ શકે છે. એ સિક્કાની બીજી બાજુ પર 'સદ્ભાગ્ય' ની મહોર પણ હોઈ શકે છે. એવી જ રીતે આપણને દેખાતી સિક્કાની બાજુ પર સદ્ભાગ્ય હોય તો તે સિક્કાની બીજીબાજુ ઉપર 'દુર્ભાગ્ય'નો સિક્કો હોઈ શકે છે.

'ક્રિશ્ચિયન સાયન્સ'ની વિચારધારાની સ્થાપક મેરી બેકર એડી પિસ્તાળીસ વર્ષની હતી ત્યારે રસ્તો ઓળંગતા પડી ગઈ. દાક્તરો એ તપાસીને કહ્યું કે એડી બચશે નહીં કારણ કે આંતરિક ઈજાઓ ઘણી થઈ છે એન ઘેર લઈ જાઓ અને સેવા કરો. સગાસંબંધીએ મૃત્યુ પૂર્વેની ધાર્મિક વિધી કરવા માટે પાદરીને બોલાવવામાં આવ્યા. પણ એડીને જીજસ પર અતિ શ્રદ્ધા હતી. એણે પાદરીને કહ્યું, 'હું મરવાની નથી, જીસસ મને જરૂર બચાવી લેશે અને કંઈક મહત્ત્વનું કામ સોપશે.' ખરેખર ચમત્કાર થયો અને એડી ફરીથી સ્વસ્થ જીવન જીવવા લાગી.

એડીએ કહ્યું, 'રોગ જેવું કંઈ છે જ નહીં, મૃત્યુ જેવું પણ કાંઈ નથી, જીવન છે અને અવસ્થાઓ છે, મૃત્યુ પણ આવી જ એક અવસ્થા છે, બધા મનના માત્ર વહેમો છે, ઈશ્વર પર શ્રદ્ધા હોય તો ઈશ્વર મદદ કરવા તૈયાર જ હોય છે. માણસે પોતે પોતાની જાતને મદદ કરવા તૈયાર રહેવું જોઈએ.' તેણે 'ક્રિશ્ચિયન સાયન્સ' નામની સંસ્થા સ્થાપી. અને એંસી મે વરસે તે ગુજરી ગઈ. તે કહેતી હતી, 'દરેક માણસ ભવિષ્ય તરફ અભિમુખ છે. કોઈ શંકાથી, કોઈ શ્રદ્ધાથી માણસનો અનુભવ એ છે કે આવતીકાલને આશાના ઉજળા રંગોમાં જોવાનું વધુ સ્વાસ્થ્યવર્ધક છે. આવતીકાલે સારું જ બનવાનું છે. એવી આશા નિરાશામાં પલ્ટાઈ શકે છે, પણ માણસ એવી શ્રદ્ધા કેળવે કે ભલે જે પણ બનશે સારું કે ખરાબ, અંતે તો સૌ સારાવાનાં થશે જ તો એ શ્રદ્ધા એ આશા નક્કર પુરવાર થાય છે.'

# અફવાઓથી ચૂંટણી જીતવાનું વરવું રાજકારણ

ચૂંટણીના પહેલા તબક્કાનાં પડઘમ શમી ગયા છે અને પગ નીચેની ધરતી સરી જતી હોય એમ રાજકારણીઓ છેલ્લે પાટલે બેસી પોતાનું વજૂદ બચાવવા આકાશપાતાળ એક કરી રહ્યા છે. રાજનેતાઓ પ્રત્યેનો રહ્યોસહ્યો આદરભાવ પણ વરાળ થઈને ઊડી જાય એવાં ગતકડાં વહેતા કરાઈ રહ્યાં છે. દાખલા તરીકે મોદી કે રાહુલ ગાંધીના કુળ અને મૂળ બાબતે કેવી ખોટી અને ધરાર પાયા વગરની વાતો વાઈરલ કરાતી રહી છે! એક રાજકીય ખાનદાન સામે આટલી હદે નીચે ઊતરીને જે રીતે કીચડ ઉછાળાઈ રહ્યો છે તે આપણા વર્તમાન રાજકારણની કઠોર અને નઠોર વાસ્તવિકતાનો જ પર્દાફાશ કરે છે. શું સત્તાધારી પાર્ટીના સમર્થકો પાસે આવી ગંદી, ગલીચ અને નરાતળ જૂઠી ભાંડણલીલા સિવાય બીજું કોઈ શસ્ત્ર જ બચ્યું નથી? આપણને સર્વોચ્ચ સત્તાધારીઓ પણ આવી પ્રચારલીલાને મૂંગે મોઢે જોયા કરે બદલે છૂપું સમર્થન આપતા આપતા લાગે ત્યારે તો દેશની લોકશાહીના ભવિષ્ય બાબતે ફક્ત ઈશ્વરને પ્રાર્થના કરવાનું જ મન થાય કે હે દીનાનાથ, તું આ ભલાભોળા મતદારોને ગેરમાર્ગે દોરનારાઓથી દેશને બચાવજે; તું જ આ દેશની અસ્મિતાની રક્ષા કરી શકે એમ છે હવે. રાહુલ ગાંધીએ ગુજરાતની ચૂંટણીને પોતાની કાર્યદક્ષતાના લિટમસ ટેસ્ટમાં ફેરવી દીધી છે. મોદી અને શાહ કરતાં પણ હવે ગુજરાતની ચૂંટણી રાહુલની નેતાગીરીનો પ્રજાકીટ ટેસ્ટ કેસ બની રહેલ છે. એક તરફ મોદીએ એમની આખે આખી ફોજ ગુજરાતમાં ઉતારી દીધી છે એની સામે રાહુલ ગાંધી જાણે લાકડાની તલવાર વડે ઝીંક ઝીલી રહ્યા હોય એવો માહોલ સરજાયો છે. ત્રણ યુવા નેતાઓના સરકાર અને ભાજપ વિરોદી વલણથી ઊભું થયેલું પોષક વાતાવરણ એ જ નેતાઓ વિરુદ્ધ ઊભા થયેલ જન આક્રોશથી ખરડાયું છે. જિજ્ઞેશ મેવાણીને પોતાની સલામત સીટ આપી દઈને કોંગ્રેસે ખોટનો ધંધો કર્યો છે તેમ અલ્પેશ ઠાકોરના નવા ઉમેદવારો કોંગ્રેસ માટે અસ્કામતને બદલે બોજો બની રહ્યા છે. કોંગ્રેસ પાસે મુખ્યમંત્રી પદ માટેનો ઉમેદવાર જ નથી - એવો અપપ્રચાર કરાઈ રહ્યો છે. જે મુખ્યમંત્રીપદ માટેના ગણાય એવા પ્રદેશ પ્રમુખને ચૂંટણી લડવાથી બાકાત રખાયા છે અને ભાજપ એના છેલ્લા હથિયાર લેખે રામમંદિર ઉપરાંત હવે અહમદ પટેલનું નામ ઉછાળી કોંગ્રેસના વ્યૂહાત્મક સૉફ્ટ હિંદુત્વની હવા કાઢી નાખવાની ભેદી અને અતિશય ગંદી ચાલ ચાલી રહ્યું છે. શું અહમદ પટેલ ગુજરાતના નાગરિક નથી? શું એમને ગુજરાતનું નેતૃત્વ કરવાનો હક નથી? પરંતુ ભાજપ માટે તો એમનું નામ જ હુકમનો એક્કો બની શકે એમ છે. રાહુલ ગાંધી જાણે આટલી બધી મહેનત મહેમદ પટેલને મુખ્યમંત્રી બનાવવા માટે જ કરી રહ્યા હોય એવો ગર્ભિત મૅજેસ વહેતો કરી ભાજપ એની સોડમાંથી સરકી રહેલ બહુમતી વર્ગને 'રૂક જાવ'ની ખતરાસૂચક ચેતવણી આપવાનો પ્રયાસ કરી રહ્યું છે. રાહુલ ગાંધીએ કે સોનિયા ગાંધીએ ક્યારેક અહમદ પટેલને ગુજરાતના મુખ્યમંત્રી પદના દાવેદાર કે ચહેરા તરીતે રજૂ કર્યા નથી. ઊલટાના એમના જેવા વરિષ્ઠ નેતાને ચૂંટણી પ્રચારથી પણ શક્ય એટલા દૂર રખાયા છે. સૌ જાણે છે કે અહમદ પટેલ મોવડી મંડળના સદસ્ય ઉપરાંત સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર છે. પરંતુ કોંગ્રેસના વ્યૂહરચનાકારો કે જેમાં ખુદ અહમદ પટેલનો પણ સમાવેશ થાય છે તે બધાને એ વાતની પણ ખબર છે કે જો ભૂલેચૂકે અહમદ પટેલનું નામ આગળ ધર્યું તો 'હિંદુત્વ' ની લેબોરેટરી સમા ગુજરાતમાં કોંગ્રેસ માટે સત્તા સુધી પહોંચવાનું બહુ જ દુષ્કર બની જશે. આથી જયારે સામા પક્ષે આર્ચબિશપના રાષ્ટ્રવાદી તત્ત્વોની વિરુદ્ધ મતદાન કરવાની અપીલનો લાભ ઉઠાવ્યો તે સમયે અહમદ પટેલનું ઊછળતા રાહુલ ગાંધીની મહેનત એળે જાય, એવી દહેશત બીજા કોઈને હોય કે ન હોય પણ ખુદ અહમદ પટેલને તો હોય જ. શંકરસિંહ વાઘેલાએ પાર્ટી છોડી ન હોત તો મુખ્યમંત્રી પદના ચહેરા બાબતે સત્તાધારી પાર્ટીને આવી વાતો ઉડાવવાની ભાગ્યે જ તક મળી હોત. પરંતુ આ તો રાજકારણ છે, જેને શક્યતાઓની રમત કહી એમાં બધી જ વ્યૂહત્મક ચાલની છૂટ છે. એવરી થિંગ ઈઝ ફૅર ઈન લવ ઍન્ડ પોલિટિક્સ!

તંત્રીસ્થાનેથી...

# 'ચાણક્ય-નીતિ' નાં ચમકારા



મગધ સામ્રાજયના મહાઅમાત્ય ચાણક્ય ઈ.પૂ. ૩૫૦ -ઈ.પૂ. ૨૮૩ પોતાના ગ્રંથ 'અર્થશાસ્ત્ર'થી છે. એમનો ઓછો જાણીતો કાવ્યગ્રંથ 'ચાણક્ય નીતિ' છે. એના ૧૭ અધ્યાયોમાં મોટેભાગે અનુષ્ટુપમાં શ્લોકો છે.

(૧) જે દેશમાં સન્માન મળતું ન હોય, આજીવિકા મળતી ન હોય, સ્વજનો મળતા ન હોય અથવા વિદ્યાની પ્રાપ્તિ થતી ન હોય - એવા દેશને સૌ કોઈએ છોડી દેવો.

(૨) પત્નીનો વિયોગ, સ્વજનોથી થતું અપમાન, નહિ ચૂકવાતું દેવુ, હલકાં શાસકની સેવા, દરિદ્રતા અને મૂરખાઓનો સંગ - કાયમ માટે બધા વગર અગ્નિએ બાળે છે.

(૩) જયાં મૂરખાઓની પૂજા થતી નથી, જયાં અનાજનાં ભંડારો ભરેલાં રહે છે, જેવા પતિ અને પત્ની વચ્ચે કોઈ કલહ નથી - ત્યાં મહાલક્ષ્મી માતા જાતે રહેવા આવે છે.

(૪) રાજાની પત્ની, ગુરુની પત્ની, મિત્રની પત્ની, પત્નીની માતા અને પોતાની માતા - આ પાંચ માતાઓ જ છે; એમ સમજવું.

(૫) વિદેશોમાં પોતાની વિદ્યા મિત્ર છે, કુટુંબમાં પત્ની મિત્ર છે, રોગીને માટે ઔષધ મિત્ર છે અને સૌ કોઈ મનુષ્ય માટે ધર્મ મિત્ર છે.

(૬) ખૂબ થાકેલો હોય તો પણ ભાર વેંઢારવો, ઠંડી ગરમી ન જોવાં, સંતોષ સાથે હંમેશાં ફરવું - ગધેડા પાસેથી આ ત્રણ ગુણ શીખવા.

(૭) જે મનુષ્ય લેવડદેવડમાં, વિદ્યાને પ્રાપ્ત કરવામાં, ભોજન કરવામાં અને વ્યવહાર જાળવવામાં સંકોચ છોડીને સ્પષ્ટ થાય છે; એ સુખી બને છે.

(૮) વૃદ્ધાવસ્થામાં ત્રણ બાબતો દુઃખ આપે છે - પત્નીનું મૃત્યુ, સંપત્તિ ભાઈઓ પાસે જતી રહેવી, અને ભોજન સમયની પરવશતા.

(૯) આ બાબતોમાં બ્રહ્માને પણ કોઈ સાચી સલાહ આપતું નથી. સોનામાં સુગંધ નથી, શેરડીના સાંઠાને ફળ નથી, ચંદન વૃક્ષને ફૂલ આવતાં નથી, વિદ્વાન ધનિક હોતો નથી, અને પ્રજાપ્રેમી રાજા વધુ ટકતો નથી.

(૧૦) સમજી વિચારીને પગલું ભરવું, પાણી વસ્ત્રથી ગાળીને પીવું, ધર્મ પ્રમાણે વ્યવહાર કરવો, અંતે તો પોતાનું મન કહે એ પ્રમાણે કરવું.



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧૧) કામ, ક્રોધ, લોભ, સ્વાદ, શણગાર, કુતૂહલ, વધુ પડતી ઊંઘ, વધુ પડતી ચાકરી - આ આઠ બાબતો વિદ્યાર્થીએ છોડી દેવી.

(૧૨) આ છ મારા સ્વજનો છે - સત્ય માતા છે, જ્ઞાન પિતા છે, ધર્મ ભાઈ છે, દયા બહેન છે, શાન્તિ પત્ની છે અને ક્ષમા પુત્ર છે.

(૧૩) જે થઈ ગયું, એનો શોક ન કરવો. જે થવાનું છે, એની ખોટી ચિંતા ન કરવી, શાણા મનુષ્યો વર્તમાનને ખ્યાલમાં રાખીને જ વરતે છે.

(૧૪) જેને નુકશાન પહોંચાડવું હોય, એની સાથે હમેશાં મીઠી મીઠી વાતો કરવી. શિકારીને હરણ મારવું હોય, ત્યારે તેની સામે મધુર સંગીત કરે છે.

(૧૫) અન્યાયથી ભેગું કરેલું ધન વધુમાં વધુ દશ વરસ ટકે. અગિયારમે વરસેથી તો પુરેપૂરું શૂન્ય થઈને નાશ પામી જાય.

મહામતિ ચાણક્યનાં આ પ્રકારનાં નીતિ વચનો આજે પણ એટલાં જ ઉપયોગી છે.

# 'શેણી - વિજાનંદ' ગીત-નૃત્યનાટિકાના રચયિતા કોણ છે ?

## ગુજરાતી સાહિત્ય

૧ 'સૂર્ય પુરુષ' નવલકથા ગુજરાતના કયા રાજકીય નેતાના જીવન પર આધારિત છે ?
(અ) સરદાર પટેલ (બ) બાબુભાઈ જશભાઈ પટેલ
(ક) ચિમનલાલ પટેલ (ડ) મોરારજી દેસાઈ

૨ 'વિશ્વભંરી સ્તુતિ'ના રચયિતા કોણ છે?
(અ) કેશવલાલ દ્વિવેદી (બ) બાલમુકુંદ દવે
(ક) મકરંદ દવે (ડ) લાભશંકર ઠાકર

૩ 'જીવનનો આનંદ' ના લેખક કોણ છે?
(અ) વિનોબા ભાવે (બ) કાકા સાહેબ કાલેલકર
(ક) બ.ક. ઠાકોર (ડ) સ્વામી આનંદ

૪ 'શેણી - વિજાનંદ' ગીત-નૃત્યનાટિકાના રચયિતા કોણ છે ?
(અ) સુરેશ જોષી (બ) સુંદરમ્
(ક) શિવાનંદ સ્વામી (ડ) મકરંદ દવે

૫ ગુજરાતી ભાષાની પ્રથમ એકાંકી 'લોમહર્ષિણી'ના લેખક કોણ છે ?
(અ) નંદશંકર મહેતા (બ) બટુકભાઈ ઉમરવાડીયા
(ક) મોહનલાલ પટેલ (ડ) ધૂમકેતુ

૬ ગુજરાતી ભાષાનું પ્રથમ કરુણપ્રશસ્તિ કાવ્ય 'ફાર્બસ વિરહ' કયા કવિનું સર્જન છે ?
(અ) નર્મદ (બ) ન્હાનાલાલ
(ક) દલપત રામ (ડ) નરસિંહરાવ દિવેટીયા

૭ ભારતીય વિદ્યાભવનની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ક.મા. મુન્શી (બ) ભોળાભાઈ પટેલ
(ક) કવિ ન્હાનાલાલ (ડ) રઘુવીર ચૌધરી

૮ 'જીવન અંજલિ થાઓ' - ના કવિ કોણ છે?
(અ) કરસનદાસ માણેક (બ) ભોળાભાઈ પટેલ
(ક) જયંત પાઠક (ડ) પ્રિયકાન્ત મણિયાર

૯ સત્યકામ, રોહિણી અને ગોપાળ બાપા કઈ નવલકથાનાં પાત્રો છે ?
(અ) સરસ્વતીચંદ્ર (બ) મળેલા જીવ
(ક) આંગળીયાત (ડ) ઝેર તો પીધાં જાણી જાણી

૧૦ સંદેશમાં પ્રસિદ્ધ થતી 'કેલિડોસ્કોપ' શ્રેણીના કટાર લેખક કોણ છે ?
(અ) માધવ રામાનુજ (બ) મોહમંદ માંકડ
(ક) કુમારપાળ દેસાઈ (ડ) જય વસાવડા

૧૧ 'મોહન ગાંધી મહાકાવ્ય' ની રચના કોણે કરી છે ?
(અ) કવિ ડાહ્યાભાઈ પટેલ (બ) નટવરલાલ પંડ્યા
(ક) કરસનદાલ માણેક (ડ) રમેશ પારેખ

૧૨ નાનાલાલ મોતીલાલ ત્રિવેદીનું ઉપનામ શું છે ?
(અ) પુનિત મહારાજ (બ) સ્વામી સચ્ચિદાનંદ
(ક) ધૂમકેતુ (ડ) સ્વામી આનંદ

૧૩ ગાંધીજીની હત્યા સંબંધી કાવ્ય 'રૂધિરે રંગાયો હરિનો હંસલો' ના કવિ કોણ છે ?
(અ) બાલમુકુંદ દવે (બ) નારાયણ દેસાઈ
(ક) ન્હાનાલાલ (ડ) નરસિંહ રાવ દિવેટીયા

૧૪ ગુજરાતી ભાષાનું સૌથી મોટું પુસ્તક કયું ગણાય છે ?
(અ) સરસ્વતી ચંદ્ર (બ) ભગવદ્ગોમંડળ
(ક) કરણઘેલો (ડ) અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ

૧૫ 'અવળવાણિયા' એ કયા સર્જકનું ઉપનામ છે ?
(અ) બકુલ ત્રિપાઠી (બ) જયંત પંડ્યા
(ક) જયોતિન્દ્ર દવે (ડ) રતિલાલ બોરીસાગર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૮ ડિસેમ્બર ૧૮૨૪ : નાના સાહેબ પેશવા :** સ્વાતંત્ર્ય સેનાની. માથેરાન પાસેના એક ગામમાં જન્મ થયો હતો. બાજીરાવ બીજાએ તેમને દત્તક લઈ ઉછેર્યા હતા. બાજીરાવના અવસાન પછી નાના સાહેબના હકો અંગ્રેજોએ છીનવી લીધા. અને તેઓ અંગ્રેજો સામેની લડાઈમાં જોડાઈ ગયા. તેમનું અવસાન કયાં અને કેવી રીતે થયું તે અચોક્કસ રહ્યું છે.
- **૯ ડિસેમ્બર ૧૯૦૦ : ઉદયશંકર પંડિત :** ભારતીય નૃત્યકલાના સુપ્રસિદ્ધ કલાકારનો જન્મ ઉદયપુરમાં થયો હતો. સિતારવાદક રવિશંકર તેમના નાનાભાઈ હતા. લંડનની રોયલ કૉલેજ ઑફ આર્ટમાં ચિત્રકલામાં નિર્પુણતા મેળવી. તેમણે 'કલ્પના' નામની એક ફિલ્મ બનાવી. ૧૯૭૭માં અવસાન થયું.
- **૧૦ ડિસેમ્બર ૧૯૦૪ : હસમુખ સાંકળીયા :** આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પુરાતત્વવિદ. મુંબઈમાં જન્મ. એમ.એ. એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કરી મુંબઈ કૉલેજમાં અધ્યાપક બન્યા. વિદેશમાં કેળવણી લીધી છતાં ભારતીય સાહિત્ય-આયુર્વેદ અને જયોતિષમાં રસ દાખવ્યો. ૧૦ ગ્રંથો અંગ્રેજીમાં લખ્યા. ૨૦૦ કરતાં વધુ લેખ પ્રગટ થયા. 'પદ્મભૂષણ' થી સન્માનિત. ૧૯૮૯માં નિધન થયું.
- **૧૧ ડિસેમ્બર ૧૮૮૨ : સુબ્રહ્મણ્મ ભારતી :** તમિલ મેધાવી ક્રાંતિકારી બનારસમાં સંસ્કૃત હિન્દી અને સંગીતનું શિક્ષણ લીધું. લેખો અને કવિતાઓ દ્વારા તમિલ પ્રજામાં નવજાગૃતિ લાવ્યા. કવિઓ એ તેમને 'ભારતી' ઉપનામ આપ્યું. પાંડેચેરી આવી 'ઈન્ડિયા' સાપ્તાહિક શરુ કર્યું. ૧૯૨૧માં અવસાન થયું.
- **૧૨ ડિસેમ્બર ૧૮૯૨ : ગૌરીશંકર જોષી 'ધૂમકેતુ' :** ટૂંકી વાર્તાના સમયે સર્જક. સૌરાષ્ટ્રના વીરપુરમાં જન્મ. કુમારપાળ અને સિદ્ધરાજ જયસિંહ નામના પુસ્તકથી શરુઆત કરી. તણખા-૧, વાર્તાસંગ્રહથી પ્રસિદ્ધ થયા. ૨૪ વાર્તા સંગ્રહો અને ૩૨ નવલકથાઓનું સર્જન કર્યું. ૧૯૬૫માં નિધન થયું.
- **૧૩ ડિસેમ્બર ૧૮૭૮ : હાજી મહમદ :** ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ સચિત્ર ગુજરાતી સામયિક શરુ કરનાર. ખોજા કુટુંબમાં જન્મ. તેમનું ઘર કવિઓ, સાહિત્યકારો અને કલાકારોથી ગુજતું. 'વીસમી સદી' સામયિક પ્રગટ કર્યું. ૪૨ વર્ષની નાની વયે ૧૯૨૧માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ



ખજાનો
અનિલ પટેલ

**હાલમાં ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે?**
**જવાબ : બી.બી. સ્વાઈન (આઈએએસ)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ. સાયન્સ કૉલેજ
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) વિશાલ એચ. ગામીત : સે-૧૭
(૭) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાત કોંગ્રેસના હાલના પ્રભારી 'અશોક ગેહલોત' કયા રાજયના મુખ્યમંત્રી હતા.?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# લાગણીનાં સંબંધ

માણસની હાજરી અને તેનો વર્તાવ એટલે કે તેનું હોવાપણું એ સૂચવે છે કે તેણે ધરતી ઉપરની પ્રાણી સૃષ્ટિ સાથે એકત્વથી રહેવાનું છે, સુમેળથી રહેવાનું છે. માણસ હાલ છે. તેવો તે તેના પોતાના કૌશલ્ય, બુદ્ધિ અને શક્તિથી નહિ પણ ધરતી અને ધરતીના સમસ્ત પ્રાણીઓનો સહયોગ મળ્યો છે, માટે તે આવો છે.

સૂર્ય-ચંદ્ર ઉગે છે, નદી વહે છે, વૃક્ષો ઉગે છે, છાયો, ફળ-ફૂલ આપે છે આમ સૂર્ય-ચંદ્રનો પ્રકાશ, નદીનું પાણી માનવીને સહયોગ આપે છે અને માણસને ઘઉં મળે છે તેની તે રોટલી ખાય છે. આમ અનેક જીવો માણસને મદદ કરે છે. જો આવા માણસ કેવળ આટલો જ વિચાર કરે તો તેને એ ખ્યાલ આવે છે એણે બીજાને જરા પણ બાધા ન આવે તેવી રીતે જીવન જીવવું જોઈએ.

એક કૉલેજીયન યુવક કૉલેજમાં રજા હોવાથી આજે ઘરે હતો. યુવકના દાદાએ યુવકને કહ્યું, 'બેટા, મારે નવા ચશ્મા લેવાના છે તું મારી સાથે ચાલને?' મોબાઈલ પર ચેટીંગ કરતા યુવકને દાદાની આ દરખાસ્ત ન ગમી. એમણે દાદાને કહ્યું, 'દાદાજી જમાનાની સાથે હવે તમારી જાતને પણ બદલો અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા થાવ, ચશ્મા ખરીદવા માટે હવે દુકાન સુધી લાંબા થવાની અને સમય બગાડવાની કોઈ જરૂર નથી.'

દાદાએ આશ્ચર્ય સાથે કહ્યું, 'શું વાત છે બેટા? દુકાને ગયા વગર પણ ચશ્માની ખરી થઈ શકે ? યુવાને જરા રુઆબ સાથે કહ્યું, 'દાદા, અહીંયા આવો, મારી બાજુમાં બેસો, હું તમને સમજાવું, આ મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરીને તમે બધી જ વસ્તુઓ ઘરે બેઠા ખરીદી કરી શકો છો. જુદી-જુદી ઓનલાઈન પૂરી પાડતી ડિપાર્ટમેન્ટલ સ્ટોર પરથી તમે ખાલી ચશ્મા જ નહીં. કરિયાણું, કપડાં, ઈલેટ્રોનિક્સ આઈટમ બધુ જ ખરીદી કરી શકો. હવે તમારી જુનવાણી પદ્ધતિ ને પડતી મુકો અને આ આધુનિક પદ્ધતિ અપનાવો એટલે તમે ઘરે બેઠા જરૂરિયાત મુજબની બધી જ વસ્તુઓ ખરીદી શકો.'



રંગ-ઉમંગ
કાનન ઓઝા

દાદાને યુવાન પૌત્રની બધી વાત ધ્યાનથી સાંભળી પછી હળવેકથી કહ્યું, 'બેટા તારી વાત તો સાચી છે કે ઓનલાઈન ખરીદજી કરવાથી આપણો સમય બચે છે અને થોડું ડીસ્કાઉન્ટ પણ મળે એટલે પૈસા પણ બચે. પણ સમય અને પૈસા બચાવવા જતા વગર જીવવું મુશ્કેલ છે એવો માનવીય સંબંધ છુટી જાય છે એનું શું ?' યુવકને કંઈ ન સમજાયું એટલે એણે દાદાને કહ્યું, 'તમે શું કહેવા માંગો છો એની કંઈ ખબર નથી પડતી ?'

દાદાએ યુવકના ખભે હાથ મુકતા કહ્યું, 'બેટા, હમણાં થોડા દિવસ પહેલાં હું બિમાર પડ્યો. રોજ શાકભાજી લેવા હું જતો પણ હું બીમાર પડ્યો એટલે તારા પપ્પા ગયેલા. શાકભાજી વાળાને મારી બિમારીની ખબર પડતા એ સાંજે એની દુકાન બંધ કરીન મારી ખબર કાઢવા માટે આપણા ઘરે આવેલો અને મારી પથારી પાસે બેસીને મને સાંત્વના આપેલી. થોડા વર્ષો પહેલા થોડા સમય આપણે નાણાંકીય તંગીનો ભોગ બનેલા ત્યારે આપણા કરિયાણાવાળાએ આખા વર્ષનું કરિયાણું ઉધાર આપેલું અને પૈસા આપવાની કોઈ ચિંતા ન કરતા એમ કહેલું. જયારે તું નાનો હતો ત્યારે હું તને સાથે લઈને એ કરિયાણાવાળો હંમેશા હસતા-હસતા તને ચોકલેટ કે પેંડો આપતો અને કયારેક બીલમાં ચોકલેટ કે પેંડાની રકમ ઉમેરતો નહોતો.'

યુવક એક ધ્યાનથી થઈને દાદાની વાત સાંભળી રહ્યો હતો. દાદાએ વાત આગળ વધારી. 'બેટા કાપડવાળાને ત્યાં ખરીદી કરવા જઈએ ત્યારે એકાદ બે ઓળખીયા માણસો મળી જ જતા અને એની સાથે વાત કરવાનો મોકો પણ મળી જતો. હૈયામાં ધરબાઈને ભરેલી કેટલીક વાતો ત્યાં સહજતાથી ઠલવાઈ જતી અને હૈયું હળવુંફુલ થઈ જતું. જેને ત્યાંથી આપણે નિયમિત ખરીદીઓ કરતાં એ બધા આપણા સુખ કે દુઃખના પ્રસંગમાં ભાગીદાર થતા. હવે મને જણાવ તારી ઓનલાઈન ખરીદીમાં આવી સુવિધા મળ ખરી ?'

જરા વિચાર કરવાની જરૂર છે કે સમય અને પૈસા બચાવવાની દોડમાં આપણો માણસ મટીને મશીન તો નથી બની ગયો ને ? કારણ કે જો મશીન બની જઈશું તો ગમે એટલા પૈસા બચાવવા હોય તો ગમે એટલા સમય બચાવ્યો હોય તો પણ સંબંધ વગર પૈસા અને સમયનું કરીશું શું ? ટેકનોલોજીનો ઉપયોગ જરૂર કરીએ પણ માનવસંપર્કો સાવ તુટી ન જાય એ પણ જરૂરી છે.